
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# રવિવારીય પૂર્તિ

રવિવાર ૨૮ જૂન, ૨૦૨૬



# Not a Brain Drain, a Brain Lease

## ભારતીય પ્રતિભા સર્જે છે, મૂલ્ય બીજા વસૂલે છે

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

ભારતના ટેક્નોલૉજીકલ વિકાસની વાત થાય ત્યારે એક મોટો ભેદ આંખે ઊડીને વળગે છે. આપણને આપણા કામ માટે વાહવાહી તો મળી જાય છે, પણ તેની અનિવાર્યતાને મામલે આપણે હજુ પાછળ છીએ. ભારતે એવી ટેક્નોલૉજી બનાવી, જેને દુનિયા વખાણે છે. પરંતુ હજી સુધી આપણે એવી ટેક્નોલૉજી કેમ નથી બનાવી શક્યા જેના વિના દુનિયાનું કામ અટકી જાય? આ સવાલનો જવાબ માત્ર આપણી ક્ષમતામાં નહીં, પરંતુ આપણી વિચારસરણી, સંસ્થાઓ અને ટેક્નોલૉજી પ્રત્યેના અભિગમમાં રહેલો છે.

પ્રશંસા અને અનિવાર્યતા, પહેલી નજરે બંને સરખાં લાગે, પરંતુ બંને વચ્ચે આસમાન-જમીનનો ફરક છે. જે ટેક્નોલૉજીને વૈશ્વિક મંચો પર વખાણવામાં આવે છે તે પ્રશંસનીય હોય છે, પરંતુ કેટલીક ટેક્નોલૉજી એવી હોય છે કે તેની હાજરીનો અહેસાસ પણ થતો નથી. કારણ કે તે વિશ્વની વ્યવસ્થામાં એટલી ગૂંથાઈ ગઈ હોય છે કે એક દિવસ તે ખોરવાય તો માત્ર લોકોને તકલીફ ન પડે, આખું તંત્ર ખોરવાઈ જાય.

અત્યાર સુધી બનેલી પેમેન્ટ સિસ્ટમ્સમાંથી વિઝા શ્રેષ્ઠ છે એવું કંઈ નથી. GPSની શોધ પણ અમેરિકા બહેતર નકશા બનાવવા માગતું હતું એટલે થઈ નહોતી. છતાં આજે આ બંને વિશ્વની વ્યવસ્થાનો અભિન્ન ભાગ છે. કારણ માત્ર ટેક્નોલૉજીકલ શ્રેષ્ઠતા નહોતું. તેની પાછળ મોટું બજાર, જિઓપોલિટિકલ સમર્થન અને નેટવર્ક ઈફેક્ટની એવી સાંકળ હતી કે આખી દુનિયાએ પોતાની વ્યવસ્થા તેની આસપાસ ગોઠવી દીધી.


આપણે એક રાષ્ટ્ર તરીકે હજી એવી ટેક્નોલૉજી દુનિયાને આપી શક્યા નથી. આ નિષ્ફળતા નથી. આ એક અધૂરું વાક્ય છે. આગળની 'ઈન્ડિયા સ્ટોરી' આપણે હજી લખવાની બાકી છે.

ચોખવટ કરું કે આપણે આ મુદ્દે કેમ વાત કરી રહ્યાં છીએ. કુણાલ શાહ, છેલ્લા અઠવાડિયામાં ભારે ચર્ચામાં રહેલું નામ. CREDના સ્થાપક અને ભારતીય ફિનટેક ક્ષેત્રના અલગ વિચારધારા ધરાવતા ઉદ્યોગસાહસિક તરીકે તેમની ઓળખ છે. તેમના વિશે થયેલી ચર્ચાએ ફરી એક સવાલ ઊભો કર્યો છે. ભારતીય ગ્રાહક પૈસા, વિશ્વાસ, રિસ્ક અને મહત્ત્વાકાંક્ષા વિશે કેવી રીતે વિચારે છે તેની ઊંડી સમજ ધરાવતી વ્યક્તિ ફરી એકવાર વૈશ્વિક ટેક્નોલૉજી કંપની માટે મૂલ્ય સર્જી રહી છે.

ભારતની સૌથી કિંમતી નિકાસ મરી-મસાલા કે સોફ્ટવેર નથી. એ ભારતને સમજીને મેળવેલી અને કેળવેલી સમજણ છે. ભારતીય ગ્રાહકને સમજવાની, માર્કેટની જરૂરિયાતો કળવાની અને તેના વર્તનને પારખવાની આવડત વૈશ્વિક કંપનીઓને નફો રળવામાં મદદ કરે છે. આપણી ટેક્નોલૉજીની વાર્તા શરૂ થાય એટલે ગૂગલ, માઈક્રોસોફ્ટ, IBM અને એડોબ જેવી વૈશ્વિક કંપનીઓના સુકાન ભારતીયોના હાથમાં હોવાનો ઉલ્લેખ અચૂક થાય. આ યાદી હવે એટલી લાંબી થઈ ગઈ છે કે તેમાં એક વધુ નામ ઉમેરાય તો ખાસ સમાચાર પણ રહેતા નથી. પરંતુ આ યાદીની સબટેક્સ્ટ વધારે મહત્ત્વની છે.

વૈશ્વિક ટેક્નોલૉજી ઉદ્યોગે ભારતીય બુદ્ધિ અને એન્જિનિયરિંગ પ્રતિભાને અસાધારણ મૂડી તરીકે ઓળખી લીધી છે અને તેને પોતાની વ્યવસ્થાનો અભિન્ન ભાગ બનાવી દીધી છે. ભારતીય મગજોએ પ્રોડક્ટ્સ બનાવી, પણ તેની વૈશ્વિક અસર, બજાર પરનો પ્રભાવ અને આર્થિક શક્તિ મોટાભાગે તે ઈકોસિસ્ટમના ભાગે ગઈ જ્યાં આ પ્રોડક્ટ્સ વિકસ્યાં.

આ વ્યક્તિગત સફળતાની ટીકા નથી. આ વૈશ્વિક વેલ્યૂ ચેનમાં ભારત ક્યાં ઊભું રહ્યું છે તેનું નિરીક્ષણ છે. ખરો સવાલ એ નથી કે ભારત પાસે પ્રતિભા કે વિચારોની ખોટ છે. સવાલ એ છે કે જે વ્યક્તિ અમેરિકાની સિલિકોન વેલીમાં જઈને ટેક્નોલૉજીની દુનિયામાં ક્રાંતિ સર્જી શકે છે, તે જ વ્યક્તિ ભારતમાં ઘણીવાર નિયમો, મંજૂરીઓ, પ્રક્રિયાઓ અને સરકારી તંત્ર વચ્ચે કેમ અટવાઈ જાય છે?




**ભારતે એવી ટેક્નોલૉજી બનાવી, જેને દુનિયા વખાણે છે. પરંતુ હજી સુધી આપણે એવી ટેક્નોલૉજી કેમ નથી બનાવી શક્યા જેના વિના દુનિયાનું કામ અટકી જાય?**

આ સવાલનો જવાબ સરકારી નીતિઓમાં નથી મળવાનો. તે આપણા આખા તંત્રમાં વણાયેલો છે. અમેરિકાની સિલિકોન વેલી માત્ર હોશિયાર એન્જિનિયરોના આધારે ઊભી થઈ નથી. એવા એન્જિનિયરો તો ભારતમાં પણ દર વર્ષે હજારોની સંખ્યામાં તૈયાર થાય છે. ફરક એટલો છે કે અમેરિકાએ એવી વ્યવસ્થા ઊભી કરી જ્યાં મોટું સપનું જોવું અને તેને સાકાર કરવામાં જોખમ લેવું દેશના વિકાસનો ભાગ ગણાય છે. મૂડી, સંશોધન, યુનિવર્સિટીઓ અને સમાજ; ચારેય મળીને નવી કંપનીઓને આગળ ધપાવે છે.

બીજી તરફ ચીને જુદો માર્ગ અપનાવ્યો. રાજ્યએ નક્કી કર્યું કે દેશે કયા ક્ષેત્રોમાં આગળ વધવું છે અને ખાનગી મૂડીને પણ એ જ દિશામાં વાળી. Huawei, Alibaba અને ByteDance જેવી કંપનીઓ પાછળ માત્ર માર્કેટ નહોતું, રાષ્ટ્રીય વ્યૂહરચના પણ હતી.

ભારત બંનેમાંથી એકેય રસ્તે નથી ચાલ્યો. આપણી પાસે મોટા પાયે વિકસતા ખાનગી ઉદ્યોગો પ્રત્યે એક પ્રકારની સ્વભાવગત અસ્પષ્ટતા છે. નેહરુની વિચારધારાનો વારસો ઊંડો હતો અને તેમાં ઈરાદા પણ નેક હતા. પરંતુ તેની અસર એ પણ થઈ કે મોટા ખાનગી નફા પ્રત્યે શંકાની દૃષ્ટિ કેળવાતી ગઈ. કોઈ કંપની અસાધારણ સફળ થાય તો તેને પોતાની યોગ્યતા સતત સાબિત કરવાની ફરજ પડે છે. આ વિચારધારા માત્ર એક રાજકીય પક્ષ પૂરતી મર્યાદિત નથી, તે આપણી રાજકીય સંસ્કૃતિમાં ઊંડે સુધી વ્યાપેલી છે.

આનો અર્થ એમ નથી કે નિરંકુશ મૂડીવાદ જ એકમાત્ર રસ્તો છે. મુદ્દો સમયનો છે.

કોઈ ટેક્નોલૉજી વિશ્વ માટે અનિવાર્ય બની જાય તેવી તક ઘણી વખત બહુ ટૂંકા સમય માટે જ મળતી હોય છે. આ સમયમાં સૌથી મહત્ત્વની બાબત ઝડપ છે.

આપણું વહીવટી માળખું ઝડપ કરતાં સાવચેતીને વધુ પ્રાધાન્ય આપે છે.

ભારતમાં કોઈ વિચાર જન્મે અને તે માર્કેટમાં પહોંચે તે પહેલાં મંજૂરીઓ, નિયમન, વિવિધ મંત્રાલયોની પ્રક્રિયાઓ અને વર્ષોથી ચાલતી આવતી લાલફિતાશાહી એટલે કે રેડટેપ વચ્ચે વર્ષો પસાર થઈ જાય છે.

ઘણી વખત મંજૂરી મળે ત્યાં સુધી તકનો દરવાજો જ બંધ થઈ ચૂક્યો હોય છે. અને કદાચ આ આખી વાતની સૌથી મોટી પીડા પણ એ જ છે.

જે ભારતીય એન્જિનિયર સિલિકોન વેલીના રિસ્ક ઉઠાવતા અને મોટા પાયે વિચારતા ઈકોસિસ્ટમમાં સફળતા મેળવે છે, અબજો લોકો ઉપયોગ કરે એવી પ્રોડક્ટ્સ બનાવે છે, કરોડો-અબજો ડૉલરનું રોકાણ આકર્ષે છે અને સમગ્ર ઉદ્યોગોને બદલી નાખે છે, તે જ વ્યક્તિ જ્યારે ભારતમાં પરત ફરે છે ત્યારે ઘણી વખત એ જ મહત્ત્વાકાંક્ષા તેના માટે શંકાનું કારણ બની જાય છે.

ભારતીય પ્રતિભા બદલાતી નથી. બદલાય છે તેની આસપાસનું વાતાવરણ. એક જ વ્યક્તિમાંથી અલગ-અલગ ઈકોસિસ્ટમ અલગ-અલગ પરિણામો બહાર લાવે છે. અમેરિકા પૂછે છે,"તમે કેટલા મોટા બની શકો છો?"

ભારત ઘણી વખત પૂછે છે, "તમે સાવચેતી રાખીને કેટલા આગળ વધી શકશો?

બંને સવાલ સરખા નથી." (રિસ્ક હૈ તો ઈશ્ક હૈ, હર્ષદ મહેતાની સિરીઝનો ડાયલૉગ છે એનો અર્થ એમ નહીં તે આપણી સર્વવ્યાપી માનસિકતા પણ છે)

અને એટલે જ બંને દેશોમાં ઊભી થતી કંપનીઓ પણ એકસરખી નથી.

જો કે આ સિક્કાની બીજી બાજુ પણ એટલી જ અગત્યની છે. આપણે હોહા કર્યા વિના, જેટલી પ્રશંસા મળવી જોઈએ એટલી મળ્યા વિના, એવું કંઈક ઘડ્યું છે જે ન તો સિલિકોન વેલી કરી શકી કે ન શેનઝેન. કારણ કે આપણે તેમની કરતાં અલગ સમસ્યા ઉકેલવા નીકળ્યા હતા. સિલિકોન વેલીનો સવાલ હતો કે, "આખી દુનિયામાં વિસ્તરે એવી કંપની કેવી રીતે ઊભી કરવી?" બેઈજિંગનો સવાલ હતો, "ટેક્નોલૉજીના ક્ષેત્રે આત્મનિર્ભરતા કેવી રીતે મેળવવી?"

ભારતે ત્રીજો સવાલ પૂછ્યો, "એક અબજથી વધુ લોકોને એવી ડિજિટલ જાહેર વ્યવસ્થા કેવી રીતે આપવી જેમાં તેમની ઓળખ, તેમનો ડેટા અને તેમનું આર્થિક જીવન ગણતરીના ખાનગી પ્લેટફોર્મ્સના હાથમાં ન જાય?"

આધાર, UPI, India Stack અને ONDC માત્ર પ્રોડક્ટ્સ નથી. તે આ સવાલના જવાબો છે. અને ભારતે જે જવાબ શોધ્યો, તે વિશ્વની

...અનુસંધાન પાના નં. 4 પર

**બાય ધ વે:**

બ્રેઇન ડ્રેઇન નહીં, બ્રેઇન લીઝ? એક સમય હતો જ્યારે આપણે 'બ્રેઇન ડ્રેઇન'ની ચિંતા કરતા હતા. આજે કદાચ વાત 'બ્રેઇન લીઝ'ની છે. ભારતીય પ્રતિભા દેશ છોડે કે ન છોડે, તેની સૌથી મોટી આર્થિક અને વ્યૂહાત્મક કિંમત ઘણીવાર બીજી કંપનીઓ અને બીજા દેશો વસૂલતા હોય છે. દર વર્ષે આપણે સ્ટાર્ટઅપ્સ, યુનિકોર્ન્સ અને ફંડિંગની ઉજવણી કરીએ છીએ. પરંતુ કદાચ હવે એક નવો સવાલ પૂછવાનો સમય આવી ગયો છે. આપણે યુનિકોર્ન બનાવી રહ્યા છીએ કે યુનિકોર્ન માટે માણસો? અને સૌથી અગત્યનો સવાલ... આવતીકાલે ભારતની કઈ ટેક્નોલોજી બંધ થાય તો આખી દુનિયાનું કામ અટકી જશે? ટૂંકમાં આપણને આપણી આવડતોની કિંમત થશે તો આગળ વધવામાં પાછા નહી પડીએ. ઘર કી મુર્ગી દાલ બરાબરના માનસિકતા આપણને નડી ન જાય તે આપણી જવાબદારી છે.

# માનવભક્ષી સિંહ:

## એક નવી માનવસર્જિત આફત

મનકા સિતાર
કેશુભાઇ દેસાઇ

આખી દુનિયામાં ફક્ત બે સ્થળોએ જંગલનો રાજા હજી સુધી ગર્જના કરી રહ્યો છે: આફ્રિકામાં અને ગુજરાતના ગીરમાં. એશિયાટિક લાયન તરીકે ઓળખાતો 'આપણો' ગરવો ગુજરાતી વનરાજ એકાએક વંઠી કેમ ગયો?- સૌરાષ્ટ્રમાં ગીર વિસ્તાર છોડી માનવ વસવાટમાં શિકાર શોધવા રઝળતા જંગલના રાજાની નવી જીવનશૈલી બધાને આશ્ચર્યમાં મૂકી રહી છે. હવે એ કૂતરાં બિલાડાં જેમ માનવવસ્તીવાળા ગામોમાં ફરતો થઈ ગયો છે. ક્યારેક એ અમરેલી જિલ્લાનાં ગામોમાં ઘૂસી જાય છે તો ક્યારેક ભાવનગર જિલ્લામાં. મન થઈ જાય ત્યારે ગરવા ગિરનારની લટાર મારી આવે છે. લાઠી અને રાજુલા જેવાં ગામો માટે હવે રસ્તો ઓળંગતા સિંહ પરિવારનું દૃશ્ય નવું નથી. ઊભા પાક વચ્ચે સિંહણ આરામથી વિયાય છે. એનાં બચ્ચાંને ઊની આંચ ન આવે એ માટે એ આઠે પહોર સાવચેતી રાખે છે, એટલે એવી વાડીમાં પગ મૂકતાં ખુદ એનો માલિક ડરતો હોય છે. એટલું નક્કી કે સિંહ સામાન્ય રીતે માણસ પર હુમલો કરતો નથી. માણસ એને વન્ય પ્રાણીનો શિકાર કરવામાં અડચણરૂપ લાગે કે એને સંવનનકાળમાં ખલેલ પહોંચાડે તો એ જરૂર ખિજાય છે એટલે ગીરના જંગલ વિસ્તારમાં નેસ બાંધી રહેતા માલધારીઓ એમની ભેંસોને ખીલે બાંધી રાખતા નથી. ભેંસો સમૂહમાં રહે છે અને સિંહ આવી ચડે તો ફૂંફાડા મારતી એકીસાથે એના પર હુમલો કરી દે છે જેથી સિંહને ઊભી પૂંછડીએ ભાગવું પડે છે. ઝવેરચંદ મેઘાણીનું બહુ જાણીતું કાવ્ય 'ચારણકન્યા' પણ ડાલામથ્થા વનરાજને લાકડી વીંઝતાં વીંઝતાં ત્રાડ પાડી રહેલી ગીરની ગરવી દીકરીથી ડરીને ભાગી જતો વર્ણવે છે. પરંતુ ધારોકે ભેંસ કે બળદ પર સિંહ હુમલો કરી બેસે અને એને એના તીણા નહોરથી ચીરવા લાગે તો માલધારીઓ એ પ્રાણીને બચાવવાના પ્રયત્નો છોડી દે છે અને હાથ જોડીને એને સાવજનો શિકાર બનવા દે છે. એ એમ સમજે છે કે હવે એ ઘાયલ જીવને રિબાઈ રિબાઈને જીવતા રહેવા કરતાં એના નસીબ પર છોડી દેવામાં જ શ્રેય છે. વળી ગીરવાસી માલધારીઓને સિંહ પરિવારનાં નાનેરાં બાળની પણ ખેવના રહ્યા કરે છે: બિચારી મા આપણા ધણની ભેંસ,ગાવડી કે ઢાંઢાને લઈ ગઈ તો ભલે લઈ ગઈ. એનાં બાળ ભૂખે ટળવળતાં હશે, બીજો શિકાર નહીં મળ્યો હોય ત્યારે નાછૂટકે નેસ સામે નજર કરી હશે.

હમણાં બે કરુણ ઘટનાઓને અંજામ આપી જંગલનો રાજા ચર્ચાસ્પદ બન્યો છે. અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં અને ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના એક ગામમાં સિંહે એક એક માણસનું મારણ કર્યું છે. સિંહ પ્રકૃતિથી માનવભક્ષી નથી. એને વન્ય પ્રાણીઓનો શિકાર કરવો ગમે છે. જંગલમાં કુદરતે એનો ભક્ષ અગાઉથી તૈયાર રાખેલો છે. હરણાં, સાબર, નીલગાય..એ ન મળે ત્યારે ભેંસ અને ગાય જેવાં મોટાં ચોપગાં. આ કુદરતી વ્યવસ્થામાં અડચણ ઊભી થઈ જાય ત્યારે! એનો શિકાર પર નીકળવાનો સમય પણ રાત્રીના બીજા પહોરથી શરૂ થાય છે. જે બે કમનસીબ યુવાનો એનો ભક્ષ બની ગયા હતા એ રાતે જંગલ વિસ્તારમાં એકલા નીકળી પડ્યા હતા. બનવાજોગ કે શિકારની શોધમાં નીકળેલા સિંહ કે સિંહણે એમને નિશાચરો પ્રાણી માનીને તરાપ મારી હોય. અંધારામાં એ ભૂખ્યા જાનવરને એ પશુ છે કે માણસ એનો ભેદ સમજવાની જરૂર ન લાગી હોય. એથી શિકાર કરનાર જાનવરને પૂરી ચકાસણી વગર માનવભક્ષી માની લેવું પણ બરાબર નહીં કહેવાય. સિંહ રોયલ પ્રાણી છે અને ઉશ્કેરણી વિના ભાગ્યે જ

**સૌરાષ્ટ્રમાં ગીર વિસ્તાર છોડી માનવ વસવાટમાં શિકાર શોધવા રઝળતા જંગલના રાજાની નવી જીવનશૈલી બધાને આશ્ચર્યમાં મૂકી રહી છે!**

માણસ પર હુમલો કરતો હોય છે. એનો ઈગો હર્ટ થાય તો એ ગુસ્સે થઈ જાય છે. નહીંતર આખો દિવસ સફારી પાર્કમાં એ પોતાનાં દર્શન કરવા માગતા લોકોને નિરાંતે સલામત અંતર પર મળતો જ હોય છે. એ વનવિભાગના કર્મચારીઓને પણ ઓળખતો હોય છે.સફારી ગાડીઓમાં કે પોતાના વાહનોમાં બેસી સિંહદર્શન કરવા આવતાં લોકોને જોઈને એ ઉશ્કેરાતો નથી. એમનાં વાહનો પર એ હુમલો નથી કરતો પણ જો કોઈ સામે ચાલીને એને છંછેડે,હોર્ન વગાડી પડકારે કે કેમેરાની કરામતો કરી એનું અપમાન કરે તો એને એ સહન નહીં થાય.

'અરે ભાઈ, તું કોણ છે મારી સામે ખિખિયાટા કરનારો? એક ઝાપટ મારીશ તો ઊભો વેતરાઈ જઈશ.' એને માણસની ભાષા આવડતી હોત તો એ આવું કંઈક ખોંખારીને કહેત. એની પાસે ઘુઘવાટા છે, ગર્જના છે અને પછી તો તમે ભલેને મોટા ટ્રંપના બાપ હોવ, એને મન તો મગતરું જ છો. એનો રાજવી ઠાઠ અને સ્વભાવ કોઈની સાડાબારી ન જ રાખે. સિંહ કે વાઘ કે દીપડો માનવભક્ષી બની જાય ત્યારે એમને જંગલમાં છૂટા ફરવા દેવામાં ભારે જોખમ છે.

...અનુસંધાન પાના નં. 4 પર



## સિલી પોઈંટ

